ગાંધીનગરના ગ્રામ્ય દેવ પંચદેવ મંદિરની ભંજન મંડળી દ્વારા પંચદેવ મંદિર ખાતે ભક્તિ પર્વની ઉજવણીના ભાગ રૂપે નિયમિત આનંદના ગરબાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેમાં મહિલાઓ ભાવવિભોર બની મા આદ્ય શક્તિની ઉપાસના કરતી હોય છે.

જી.ઈ.બી. ખાતે કેક કાપીને નગરનો ૪૯મો જન્મ દિવસ ઉજવાયો

શહેરમાં આવતા અરજદારો નારાજ ન થાય અને પ્રશ્નોના ઝડપથી નિકાલમાં સહભાગી થવા મહામંડળની અપીલ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરના ૪૯મા જન્મદિવસની આજે શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. જી.ઈ.બી. થર્મલ પાવર સ્ટેશનના વિશ્રામગૃહ ખાતે નગરના પ્રથમ ઈમારતની ઈંટ જ્યાં મુકાઈ હતી તે સ્થળે તક્તિપૂજન અને દિપ પ્રાગટ્ય કર્યા બાદ કેક કાપીને શહેરીજનોને નગરના જન્મદિવસની શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

શહેર વસાહત મહામંડળ દ્વારા આજે નગરના ૪૯મા જન્મદિવસની ઉજવણી અન્વયે આજે જી.ઈ.બી. થર્મલ પાવર સ્ટેશનના વિશ્રામગૃહ ખાતે મુકાયેલી ઐતિહાસિક ઈમારતની તક્તિનું પૂજન કરવામાં આવ્યું હતું. તક્તિપૂજન અને દિપ પ્રાગટ્ય બાદ જિલ્લા પ્રભારી સચિવ સંજયપ્રસાદના હસ્તે કેક કાપવામાં આવી હતી. આ તબક્કે ઉપસ્થિત મહાનુભાવોએ હેપ્પી બર્થ ડે ટુ ગાંધીનગરની શુભેચ્છા વ્યક્ત કરી પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત જિલ્લા પ્રભારી સચિવે શહેરને ગ્રીન અને ક્લીન સીટી બનાવવા અંગે વાત કરી હતી. જ્યારે જિલ્લા કલેક્ટર પી સ્વરૂપે જણાવ્યું હતું કે સરકાર દ્વારા દરેક નગર અને ગામના જન્મદિવસની ઉજવણી કરવાનો ઉમદા વિચાર રજૂ કરવામાં આવ્યો હોવાનું જણાવી આ વિચારને વેગ આપવામાં ગાંધીનગર પ્રથમ હોવાની ખુશી વ્યક્ત કરી હતી. તેમણે પણ શહેરને હરિયાળુ બનાવવા વધુ વૃક્ષો વાવવાની વાત પર ભાર મુક્યો હતો. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચે પણ જન્મદિવસ પ્રસંગે ગાંધીનગરમાં આવતા લોકો અને અરજદારોના પ્રશ્નો ઉકેલવામાં નગરજનો અને વહીવટીતંત્ર સહભાગી થાય તેવી લાગણી વ્યક્ત કરી હતી જ્યારે શહેરમાં આવતા અરજદારો નારાજ ન થાય તેવી અપેક્ષા સેવી હતી. જન્મદિવસની ઉજવણી અન્વયે જી.ઈ.બી. રીક્રીએશન હેઠળ ક્લબ દ્વારા બગીચામાં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. જી.ઈ.બી. થર્મલ પાવર સ્ટેશનના ચીફ ઈજનેર આઈ.એમ. પટેલે ૧૦ હજાર વૃક્ષોના રોપાઓ વાવવાનો સંકલ્પ કર્યો હતો. જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે કડી કેમ્પસના બી.બી.એ. બી.સી.એ. તેમજ એમ.સી.એ.ના વિદ્યાર્થીઓ દ્વારા પર્યાવરણ બચાવોના સંદેશા સાથે રેલી યોજવામાં આવી હતી. થર્મલ પાવર સ્ટેશનની કડી યુનિવર્સિટી સુધીના આ રેલીમાં ટ્રાફિક બ્રિગેડના ૨૦ જવાનો પણ ટ્રાફિક નિયમન અંગે જનજાગૃતિ કેળવવાના આશયથી જોડાયા હતા. જન્મ દિવસની ઉજવણી પ્રસંગે મ્યુનિસિપલ કમિશનર એલ.વી. પાડલિયા, શહેર વસાહત મહામંડળના પદાધિકારીઓ મધુર વ્યાસ, સુધીર દેસાઈ, કશ્યપ મહેતા, જ્યોતિ મહીલા મંડળના પ્રમુખ લત્તાબેન ચોકસી, પૂર્વ કલેક્ટર બી.એ. શુકલ સહીત વિવિધ સંસ્થાના આગેવાનો અને નગરના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

લોન અપાવીને કોબા હાઈસ્કુલના કલાર્ક સાથે ૧.૨૦ લાખની ચીટીંગ

જુહાપુરાના શખ્સે આ મોડસ ઓપરેન્ડીથી ઘણી બધી છેતરપીંડી આચરી હોવાનું ખુલ્યું

ગાંધીનગર, તા.૨

પર્સનલ લોનનો કોલ કરીને ગાંધીનગર નજીકના કોબા હાઈસ્કુલમાં ફરજ બજાવતાં સિનિયર કલાર્કને ફસાવીને લોન પાસ કરાવી આપી રૂ. ૧.૨૦ લાખ તેના એકાઉન્ટમાંથી ઉપાડી લઈ છેતરપીંડી આચરી હોવાની પોલીસ ફરિયાદ સે-૭ પોલીસ મથકે નોંધાવા પામી છે. આ ગુનાનો આરોપી છેતરપીંડીમા બીજા જિલ્લામાં પકડાઈ ગયો છે તેણે ગાંધીનગરમાં કરેલી આ છેતરપીંડીની પણ કબુલાત કરી લીધી છે. જુહાપુરાના માસ્ટર માઈન્ડ ચીટરે અન્ય ઘણી ચીટીંગ આચરી હોવાનું તપાસમાં ખુલી રહ્યું છે. આરોપીને ટ્રાન્સફર વોરંટથી ગાંધીનગર લાવવા સે-૭ પોલીસે તજવીજ શરુ કરી છે.

શહેરના સેક્ટર-૨-બી પ્લોટ નં. ૨૯૮/૨ માં રહેતા મહેન્દ્રભાઈ અંબાલાલ પટેલ કોબા હાઈસ્કુલમાં સિનિયર કલાર્ક તરીકે નોકરી કરે છે. તેમને જાન્યુઆરી ૨૦૧૩માં ફોન આવ્યો હતો અને લોનની ઈન્કવાયરી કરી હતી. પર્સનલ લોન લેવાનું મહેન્દ્રભાઈએ ફોનમાં જણાવતા મહેન્દ્રસિંહ ઝાલા ઉર્ફે આબાદખાન શમશેરખાન લોહાણી નામો જુહાપુરાનો શખ્સ સિનિયર કલાર્ક મહેન્દ્રભાઈ પટેલને ૨૬મી જાન્યુઆરીએ ઘ-૨ સર્કલ ખાતે મળવા આવ્યો હતો અને પગાર સ્લીપથી માંડીને કોરા ચેક સહિતના વિવિધ ડોકયુમેન્ટસ લઈ બે લાખની પર્સનલ લોનની પ્રેકટીસ શરુ કરી હતી. રૂ. ૧.૫૮ લાખની લોન મંજુર થઈ ગઈ હતી. દરમયાન ૨૭ ફેબ્રુઆરીએ મોબાઈલમાં મેસેજ આવ્યો કે તેમના ખાતામાંથી રૂ. ૧.૨૦ લાખ ઉપડયા છે. જે એચડીએફસી પ્રહલાદનગર શાખામાં જમા થયા છે. તે બેંકના મેનેજરને જઈને મહેન્દ્રભાઈ પટેલ મળ્યા પરંતુ કાંઈ કરી ન શકીએ તેવો જવાબ મળ્યો હતો. ડોકયુમેન્ટસ લીધા તે વખતે લેવામાં આવેલા કોરા ચેકનો ઉપયોગ કરીને જુહાપુરાના મહેન્દ્રસિંહ ઝાલા ઉર્ફે આબાદખાન લોહાણીએ રૂ. ૧.૨૦ લાખ સિનિયર કલાર્કની જાણ બહાર ઉપાડી લીધા હતાં. આ શખ્સ બીજા જિલ્લાની પોલીસના સર્કજામાં છેતરપીંડીના ગુનામાં પકડાયો છે અને તેણે ગાંધીનગરના આ સિનિયર કલાર્ક સાથેની ચિટીંગના ગુનાની કબુલાત કરી લીધી છે. સે-૭ પોલીસે ગુનો નોંધીને તે શખ્સને ટ્રાન્સફર વોરંટથી લાવવા ગતિવિધિ શરુ કરી છે.

દહેગામની સગર્ભા પર વીજળી પડતા આંખના પલકારે મૃત્યુ..!

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં આજે બપોરના અરસામાં વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદી માહોલ જામ્યો હતો. તે દરમ્યાન સવા બે વાગ્યાના અરસામાં દહેગામના સાંપા રામપુરા ગામે ૨૦ વર્ષની સગર્ભા પર એકાએક વીજળી પડી અને તેણીનું સ્થળ પર આંખના પલકારામાં પ્રાણપંખેરૂ ઉડી ગયું હતું. દહેગામ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ જિલ્લાના દહેગામ ખાતેના સાંપા રામપુરા ગામ ખાતે રહેતી ૨૦ વર્ષની પરિણીતા કૈલાશબેન બાબુજી ઠાકોર ગર્ભવતી હતી. સગર્ભા પરિણીતાને છ માસનો ગર્ભ હતો. આજે વરસાદી માહોલમાં બપોરે સવા બે વાગ્યાના અરસામાં કૈલાશબેન ઘર આંગણે હતી તે દરમ્યાન અચાનક તેમના પર વીજળી સ્વરૂપે મોત આવીને પડ્યું હતું. વીજળી પડતા કૈલાશબેનનું પળવારમાં જ કરૂણ મૃત્યુ નિપજ્યું હતું. વધુ કરૂણતાની વાત એ છે કે તેણીને છ માસનો ગર્ભ પણ હતો. દહેગામ વિસ્તારમાં આ ઘટનાથી સન્નાટો મચી જવા પામ્યો છે. દહેગામ પોલીસે આ બનાવ અંગે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને પોસ્ટમોર્ટમ કરાવી ધોરણસરની કાર્યવાહી આરંભી છે.

ગાયત્રી પરિવાર દ્વારા વિવિધ શાળાઓમાં વૃક્ષારોપણ

ગાંધીનગર, તા. ૨

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર, ગાંધીનગર દ્વારા ગુરુપૂર્ણિમા પર્વની ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર તાલુકાની વિવિધ શાળાઓમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર તાલુકાના વલાદ ગામની શેઠશ્રી ભાણાવાલા હાઈસ્કૂલમાં ૧૦૦ છોડવા, એમ.બી. પટેલ હાઈસ્કૂલ વાવોલમાં ૭૫ છોડવા, વાસનની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ૭૦ છોડવા, દોલારાણા-વાસણાની શા.હા.ભાવસાર હાઈસ્કૂલમાં ૭૫ છોડવા, આદર્શ વિદ્યાલય આલમપુરમાં ૩૫, ચૈતન્ય સ્કૂલ, લેંકાવાડામાં ૨૫, ગાયત્રી શક્તિપીઠ ગાંધીનગર પરિસરમાં ૨૧ છોડવાઓ રોપવામાં આવ્યા હતા. ગાયત્રી પરિવારની ટીમોએ શાળાઓમાં વૃક્ષારોપણ, તેનો ઉછેર અને તેની જતનની જવાબદારી બાળકોને સંભાળવા સંકલ્પબદ્ધ કર્યા હતા.

ગુડા દ્વારા અડાલજમાં ૩૮૪ આવાસો બાંધવામાં આવશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા સત્તામંડળ વિસ્તારમાં ઓછી આવક ધરાવતા વર્ગના લોકો માટે પોષણક્ષમ ભાવે આવાસો ઉપલબ્ધ કરાવવા માટેની શુભ લાભ આવાસ યોજનાનું આયોજન હાથ ધરેલ છે. આ યોજના અંતર્ગત સત્તામંડળ દ્વારા અંદાજે ૨૦૦૦ જેટલા આવાસોનું નિર્માણ કાર્ય હાથ ધરવામાં આવનાર છે. જે અંગે કુલ રૂ. ૧૦૬.૪૪ કરોડનો ખર્ચ થવા પામશે.

સત્તામંડળ દ્વારા આયોજિત ઉપર્યુક્ત આવાસ યોજનાને મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત સમાવવામાં આવી છે. જેને પરિણામે અગાઉ આ આવાસ માટે નિયત કરેલ કિંમત રૂ. ૭,૫૦,૦૦૦ ની કિંમતમાં રૂ. ૧,૦૦,૦૦૦ નો ઘટાડો કરી રૂ. ૬,૫૦,૦૦૦ની કિંમત નિયત કરવામાં આવી છે. જે મુજબ લાભાર્થીઓ પાસેથી ફોર્મ પરત કરવાની આખર તારીખ ૩૧ ઓગષ્ટ સુધી લંબાવવામાં આવેલ છે.

આ સમગ્ર પ્રોજેક્ટ માટેની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થઈ ચૂકેલ છે તથા તે અન્વયે રાયસણ અને ચિલોડા ખાતે ૧૨૫૦ જેટલા આવાસોનું કામ પ્રગતિ હેઠળ છે. શહેરના સ્થાપના દિન નિમિત્તે આજે શહેરી વિકાસમંત્રી આનંદીબેન પટેલના હસ્તે નગરયોજના-૧૦, અડાલજ અંતિમ ખંડ-૧૩૩ ખાતે ૩૮૪ આવાસોના નિર્માણ કાર્યનો શુભારંભ કરવામાં આવ્યો હતો. જે સાથે કુલ ૧૬૩૨ યુનિટના નિર્માણ કાર્ય અમલી બનશે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ હેઠળના વિકસિત વિસ્તારોમાં માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાના ભાગરૂપે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રૂ. ૭૮.૫૦ કરોડના ખર્ચે ભૂગર્ભ ગટર વ્યવસ્થાના કામો હાથ ધર્યા છે. જે અન્વયે સત્તામંડળ વિસ્તારની ૧૧ નગર રચના યોજનાના ૨૨ થી વધુ ગામોને આવરી લેવામાં આવશે.

આ યોજના અંતર્ગત મેઈન ટ્રંક લાઈન, ડ્રેનેજ નેટવર્ક, પંપીંગ સ્ટેશન, રાઈઝિંગ મેઈનના કામો પ્રગતિ હેઠળ છે. આ યોજનાના અમલીકરણના ભાગરૂપે ટી.પી. સ્કીમ ૧૯ રાયસણ ખાતે નિર્માણ થઈ રહેલ ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશનથી કોબા મેઈન ટ્રંક લાઈનને જોડતી પ.૨૬ કિ.મી. લેંબાઈવાળી ૧ મીટર વ્યાસ વાળી રાઈઝિંગ મેઈનનું કામ રૂ. ૧૩.૫૮ કરોડના ખર્ચે શરૂ કર્યો છે. આજે આ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ તબક્કે માર્ગ મકાન મંત્રી આનંદીબેન પટેલ, ગુડાના અધ્યક્ષ અશોક ભાવસાર તેમજ ગુડાના મુખ્ય કારોબારી અધિકારી ડી. તારા ઉપસ્થિત રહ્યા હતા.

પંચદેવ મંદિરે સાવન ભાદોના હિંડોળાના દર્શન

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરના સેકટર-૨૨માં આવેલા સુપ્રસિદ્ધ પંચદેવ મંદિરના મેનેજરે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે અષાઢ વદ તેરસને રવિવારે તા.૪થી ઓગષ્ટના રોજ સાંજે પ.૩૦ થી ૮.૩૦ કલાક દરમિયાન સાવ ભાદોના પ્રસિદ્ધ અને સુંદર હિંડોળાના દર્શન પંચદેવ મંદિરે થશે. આ સાથે સાંજે ૬ કલાકે આરતી વંદના યોજાશે જેમાં સર્વે ભાવિકજનોને દર્શનનો અને આરતીનો લાભ લેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

સંસ્કાર ગ્રૂપ ફ્રેન્ડશીપ બેલ્ટ વૃક્ષોને બાંધશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરમાં બાળકો સાથે અવનવી પ્રવૃત્તિઓ યોજી સંસ્કારનું સિંચન કરતા સંસ્કાર ગ્રૂપ નેચરલ ક્લબ દ્વારા ૪થી ઓગષ્ટ ફ્રેન્ડશીપ ડે ની અનોખી ઉજવણી કરવામાં આવશે.

બાળકો દ્વારા ઉછેરવામાં આવેલા વૃક્ષોને ગ્રૂપના દરેક સભ્ય અને વિદ્યાર્થી ફ્રેન્ડશીપ ડે ના દિવસે બેલ્ટ બાંધી પર્યાવરણ જતનની સાત્વિક લાગણીને ઉજાગર કરશે. સંસ્કાર ગ્રૂપના સભ્યોને ૪થીએ સાંજે પ.૪૫ કલાકે સુવિધા કેન્દ્ર પાસેના બગીચે સેકટર-૭ ખાતે ઉપસ્થિત રહેવા પ્રમુખ તુષાર દવેએ ખાસ જણાવ્યું છે.

ઓમ લેન્ડમાર્કની સ્કૂલ બસ પલ્ટી ખાતા ૧૦ વિદ્યાર્થી ઘાયલ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર નજીક પ્રાંતિયા ગામની સીમમાં આજે બપોરના અરસામાં ૩૦ વિદ્યાર્થીઓ સાથે જઈ રહેલી ઓમ લેન્ડમાર્ક શાળાની સ્કૂલ બસ અચાનક પલ્ટી ખાઈ ગઈ હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની કે મોટી ઈજાઓ થવા પામી ન હતી. સ્કૂલ બસમાં બેસેલા ૩૦ વિદ્યાર્થીઓ પૈકી ૧૦ વિદ્યાર્થીઓને સામાન્ય ઈજાઓ થવા પામી હતી જો કે આ ઘટનામાં કોઈને ગંભીર ઈજાઓ ન થતા પોલીસ ફરીયાદ પણ થવા પામી નથી.

'સુરક્ષા સેતુ' પ્રોજેકટ અંતર્ગત ગાંધીનગર જિલ્લા પોલીસ, ગુજરાત ઈન્સ્ટીટયુટ ઓફ એમેચ્યોર રેડિયો અને રોટરી કલબ ઓફ કેપીટલ, ગાંધીનગરના સહયોગથી સ્વ. પ્રો. સુબોધકુમાર નંદાની સ્મૃતિમાં તા. ૨-૮-૨૦૧૩ શુક્રવારના રોજ સવારના ૯-૦૦ થી ૧૩-૦૦ સુધી પોલીસ તાલીમ કેન્દ્ર, પોલીસ હેડ કવાર્ટર, સેકટર-૨૭ ગાંધીનગર ખાતે 'રકતદાન શિબિર'નું આયોજન કરવામાં આવેલ. આ રકતદાન શિબિરનું ઉદઘાટન ડૉ. એસ.કે. નંદા અધિક મુખ્ય સચિવ ગૃહ વિભાગના વરદ હસ્તે કરવામાં આવેલ આ કાર્યક્રમમાં ગાંધીનગર રેન્જમાં તાજેતરમાં નિમણુંક પામેલ ડી.જી.પી શ્રી આર.આર. ભગતનાઓએ પણ ખાસ ઉપસ્થિત રહેલ કેમ્પમાં સૌ પ્રથમ રકતદાન શ્રી શરદ સિંઘલ પોલીસ અધિક્ષક ગાંધીનગરનાઓએ કરી એક ઉમદા કાર્ય કરવા માટે તેમના બેડાના પોલીસ અધિકારી/કર્મચારીઓને પ્રેરીત કરેલ. આ રકતદાન શિબિરમાં ખૂબ જ ટૂંકા ગાળામાં કુલ ૧૫૧ બોટલ રકત એકત્રિત કરવામાં આવેલ છે. આ કેમ્પમાં જિલ્લાના પોલિસ અધિકારી/કર્મચારી તથા મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી પી.સી. વલેરા પો. ઈન્સ. શ્રી વાયરલેસનાઓએ કરેલ.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૬
સૂર્યાસ્ત : ૭.૧૪

તાપમાન

મહત્તમ : ૩૧.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૯૬ ટકા ● સાંજે ૯૬ ટકા
વરસાદ ૪૬ મીમી

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ધ સ્મુર્ફસ-૨ ૩ડી(હિન્દી): ૧૦.૩૦, ૩.૩૦, ૫.૪૫, ૮.૦૦
ધ વોલ્વેરીન ૩ડી(હિન્દી) : ૧૨.૪૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
રમૈયા વસ્તાવૈયા : ૯.૩૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
ભાગ મિલ્ખા ભાગ : ૧૨.૩૦
: સ્ક્રીન-૩ :
ભાગ મિલ્ખા ભાગ : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦
: સ્ક્રીન-૪ :
રબ્બા મેં ક્યા કરું : ૧૨.૦૦, ૫.૨૦, ૧૦.૪૦
ડી-ડેય : ૨.૨૦, ૭.૪૦

સૂર્યા, વાવોલ

રબ્બા મેં ક્યા કરું : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ભાગ મિલ્ખા ભાગ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
રબ્બા મે કયા કરું : ૧૦.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
સીંઘમ-૨ : ૧.૩૦
ચોર ચોર સુપર ચોર : ૪.૩૦
: સ્ક્રીન-૨ :
બી.એ. પાસ: ૧૦.૧૫, ૭.૩૦
રમૈયા વસ્તાવૈયા : ૧.૦૦, ૧૦.૧૫
સીંઘમ-૨ : ૪.૦૦
: સ્ક્રીન-૩ :
સીંઘમ-૨ : ૧૦.૪૫, ૭.૦૦
બી.એ. પાસ : ૨.૦૦, ૧૦.૧૫
રમૈયા વસ્તાવૈયા : ૪.૩૦

વિરાગ, કલોલ

રબ્બા મેં કયા કરું : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ધાર્મિક

- અષાઢ વદ-૫ નીમિતે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી વલ્લભધામ, ચ-રોડ, સેકટર-૨૧ ખાતે આજે શોષની ઘટાના હિંડોળા

આપની આજ

મેષ : વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. કાર્યની ગતિમાં વધશે.

વૃષભ : તમારી બુદ્ધિ અને ખરા અનુમાન લગાવવાની ક્ષમતાને કારણે સફળતા અને સન્માન પ્રાપ્ત કરશો. કુટુંબના સદસ્યો તરફ ખાય ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

મિથુન : સંતાન તરફથી સુખદ સમાચાર પ્રાપ્ત થશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

કર્ક : આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. નોકરી-વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

સિંહ : રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ.

કન્યા : શુભ મંગળ કાર્યોનો યોગ. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

તુલા : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

વૃશ્ચિક : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

ધન : મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

મકર : ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

કુંભ : વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો. ધર્મ, આધ્યાત્મ પ્રત્યે આસ્થા વધશે.

મીન : બુદ્ધિથી મુશ્કેલીઓ દૂર થશે. આવકના સાધન પ્રાપ્ત થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

ચિરવિદાય

- સ્વ. ઉર્મિલાબેન નટવરલાલ ડૉકટર (ઉ.વ. ૮૦) પ્લોટ નં. ૫૫૧, સેકટર-૨૩, ગાંધીનગર.
- સ્વ. શોભનાબેન કિર્તીકુમાર શાહ (ઉ.વ. ૫૨) પ્લોટ નં. ૨૪, સેકટર-૨૪, ગાંધીનગર.
- સ્વ. અમાજી ઈનાજી ઠાકોર(ઉ.વ. ૭૫)મુ.પો રાંધોજા, તા., જિ.ગાંધીનગર.
- સ્વ. પ્રીતિ રાજકુમાર ચૌધરી (ઉ.વ. ૨૩) બી.એસ.એફ. હેડકવાર્ટસ, ચિલોડા રોડ, ગાંધીનગર.
- સ્વ. મંગૂબેન નાથાજી ઠાકોર (ઉ.વ. ૧૧૨) મુ.પો. આમજા, તા. કલોલ, જિ. ગાંધીનગર.